ફોર્મ નં "ડી" -(નિયમ નં 10 અને રેગ્યુલેશન નં 5.1)

# ભાવનગર મહાનગરપાલીકા-ભાવનગર

## ટાઉન ડેવલપમેન્ટ વિભાગ

ટાઉન ડેવલપમેન્ટ વિભાગ ઇ.કુ. વોર્ડ-૨ ભાવનગર મહાનગરપાલિકા

### વિકાસ પરવાનગી

ના.સુ.કે.નં. ૨૦૫૪૦૯ તા : ૧ / ૧૨ / ૨૦૨૦
ફાઈલ નં. ૧૪ તા : ૩ / ૧૨ / ૨૦૨૦

ટા.ડેવ.મં.નં. : 120
તારીખ : 16/03/2021

વોર્ડ : દક્ષીકૃષ્ણનગર- ૨
રજાચિઠ્ઠી. ૧૬
તારીખ : ૧૬ / 03 /૨૦૨૧

ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ- ૧૯૭૬ ની કલમ- ૨૯ તથા ૪૯ તેમજ બી.પી.એમ.સી. એક્ટ ની કલમ ૨૫૩ અને ૨૫૪ અન્વયે બાંધકામની વિકાસ પરવાનગી.

---

પ્રતિ

શ્રી દર્શક રમણીકલાલ શાહ,

પ્લોટ નં. ૬૮(પી), બી૧,બી૨,બી૩/બી, સી.સ.નં. ૧૯૪૪/૧ & ૧૯૪૪/૨, વોર્ડ નં.૭, શીટ નં.૨૪૧

સત્યનારાયણ રોડ, ભાવનગર.

અરજી સાથે નિયમ ફોર્મ રજુ કરનાર પરવનેદારની વિગત :-

આર્કિટેક્ટ / એંજિનિયર :-સુરીલ વૈષ્ણવ લા.નં -૯૯

સ્ટ્રક્ચર એંજિનિયર:- શ્રી અતુલ વોરા લા.નં. - 03

સાઈટ એંજિનિયર :- શ્રી સુરીલ આર.વૈષ્ણવ /ભાર્ગવ પટેલ લા.નં -૯૯ / ૧૭૨

વિકાસ કામનું <u>વર્ણન</u> :-

ઉપરોક્ત સ્થળના આપશ્રીએ રજુ સૂચિત બિલ્ડીંગ પ્લાન પાછળ દર્શાવેલ શરતોને આધિન મંજુર કરવામાં આવે છે. બાંધકામ પૂર્ણ થયેથી દિન 30(ત્રીસ) માં બી. યુ. પરવાનગી મેળવી લેવાની રહેશે.

શરત-(૧) રીયલ એસ્ટેટ(રેગ્યુલાઇઝેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ, ૨૦૧૬ની કલમ-૩ ની જોગવાઇ મુજબ, રાજ્યમાં કોઇપણ વિકાસકાર(પ્રમોટર) રીયલ એસ્ટેટ પ્રોજેકટ જેવા કે, પ્લોટ, એપાર્ટમેન્ટ અથવા બિલ્ડીગ અથવા તેના ભાગના વેચાણ માટે જાહેરાત, માર્કેટીગ, બુકીગ અથવા ઓફર માટેની કાર્યવાહી,રાજ્ય સરકાર દ્વારા રચાયેલ રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (રેરા)ની કચેરીમાં રજીસ્ટ્રેશન કરાવ્યા સિવાય કરી શકશે નહી

(૨) સ્થળે ૧૫.00 મીટરથી વધારે બિલ્ડીગ હાઈટનું બાંધકામ કરતાં પૂર્વે એરપોર્ટ ઓથોરીટીનું એન.ઓ.સી. મેળવીને રજુ કરવાનું રહેશે.

(૩) દરેક W.C. અને ટોઇલેટમાં ડબલ બટન સીસ્ટમ ( ડ્યુઅલ ફ્લશ ટેન્ક )નું પ્રોવિઝન ફરજિયાતપણે કરવાનું રહેશે.

(૪) મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓ (રોજગારીનું નિયમન અને નોકરીની શરતો) અધિનિયમ ૧૯૯૬ હેઠળ દરેક માલિકે બાંધકામ પ્રવૃતિ શરૂ કરવાના 30 દિવસ પહેલા સદર કાયદા હેઠળ ના નિયત નમુના - ૪ માં નોટીસ બાંધકામ નિરીક્ષક, આસીસ્ટન્ટ ડાયરેક્ટર , ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થની કચેરી , ફ્લૅ - ૮/બી, બહુમાળી ભવન, પેલેસ રોડ , ભાવનગર ખાતે મોકલી આપવાની રહેશે તેમજ કામકાજ શરૂ કર્યાના ૬0 દિવસમાં બાંધકામસાઈટની નોંધણી www.ifp.gujarat.gov.in વેબસાઈટ પર જરૂરી નિયત દસ્તાવેજ સાથે ઓન લાઈન કરવાની રહેશે

(૫ ) ભાવનગર મહાનગરપાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગ ખાતે ફાયર પ્રોટેક્શન કન્સલ્ટન્ટનું રજીસ્ટ્રેશન કરાવરાવી સ્થળે બાંધકામ દરમીયાન N.B.C. મુજબ ફાયર સેફ્ટી પ્રોવિઝન્સ કરી ઓ.સી ( બી.યુ.પરવાનગી ) મેળવતા પુર્વે ચીફ ફાયર ઓફીસરનું એન.ઓ.સી રજુ કરી આપવાની શરતે આ મંજુરી આપવામા આવે છે

(૬) C.G.D.C.Rના CL. NO. ૧૭.૨.૨(C) મુજબ રેઇન વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૭) બાંધકામનું બી.યુ પરમિશન મેળવતા પહેલા ગુજરાત સરકાર માન્ય લિફ્ટ ઈન્સ્પેક્ટર તથા ઇલેક્ટ્રિક ઈન્સ્પેકટર દ્વારા N.O.C. મેળવી રજુ કરવાનું રહેશે

(૮) બાંધકામ તથા જુનું બાંધકામ ડીમોલીશન દરમ્યાન જે કોઈ કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલીશન વેસ્ટ જનરેટ થાય તેનો નિકાલ તા.૧૨/૧૨/૧૮ ના માન.કમિશ્નરશ્રીના જાહેરનામાં મુજબ નિયત થયેલ સ્થળે કરવાનો રહેશે તેમજ નિકાલ કરેલ C & D વેસ્ટની વજન ચિઠ્ઠીઓ તથા અન્ય આધારો બી.યુ પરમીશન મેળવતા પહેલા ટાઉન ડેવલપમેન્ટ વિભાગે રજુ કરવાના રહેશે.

(૯) જે કિસ્સામા માર્જિનલ સ્પેસનો ઉપયોગ Electrical Infrastructure જેવા કે substation અથાવા તો transformer માટે કરવામાં આવે તે કિસ્સામાં ... installation Road side margin શિવાય અન્ય માર્જિનલ સ્પેસમાં કરી શકાશે

(૧૦) Provision of Roof Top Solar PV Installation and generation (CGDCR-2017, Part-3, Table no.17.3, page no. 34, 35)

(૧૧) C.G.D.C.R - ૨૦૧૭ મા BUILDING AND INFRASTRUCTURE ના ચેપ્ટર નં ૧૩ મા જણાવેલ PHYSICALLY HANDICAPPED PERSONS માટેની જોગવાઈઓની બાંધકામ સમયે યુસ્તપણે અમલવારી કરવાની શરતે મંજુરી આપવામા આવે છે.

(૧૨) સીટી સર્વે કચેરી ખાતે અલગ અલગ સર્વે નંબરોનુ એકત્રીકરણ કરાવીને અદ્યતન પ્રોપર્ટી કાર્ડ બી.યુ. પરમીશન મેળવતા પહેલા રજુ કરી આપવાની શરતે આ મંજુરી આપવામાં આવે છે.

(૧૩) પ્લોટની રીયર સાઈડમાં આર.સી. સી રીટેઈનીંગ વોલ ફરજીયાત પણે બનાવવાની શરતે આ મંજુરી આપવામાં આવે છે.

| સૂચિત ઉપયોગ | બાંધકામની વિગત | બાંધકામનુ ક્ષેત્રફળ ચો.મી. | રીમાર્કસ |
|---|---|---|---|
| રહેણાંક + કોમર્શિયલ હાઈટ (૨૪.૪૫ મીટર) | હયાત બાંધકામ | નીલ | કમિ. ક. મં. નં. ૯૭ તા. ૨૪ / ૨ / ૨૦૨૧ થી મળેલ મંજુરીને આધિન |
| | સૂચિત બાંધકામ | ૨૮૩૫.૬૭ | |
| | કુલ | ૨૮૩૫.૬૭ | |

૧૬/૩/૨૦૨૧
આસી. ટાઉન ડેવ. ઓફીસર
ટાઉન ડેવલપમેન્ટ વિભાગ
મહાનગરપાલિકા, ભાવનગર

આસી. ટાઉન ડેવ. ઓફીસર
ટાઉન ડેવલપમેન્ટ વિભાગ
મહાનગરપાલિકા, ભાવનગર

૧૬/૩/૨૧
ટાઉન ડેવલપમેન્ટ ઓફીસર
ટાઉન ડેવલપમેન્ટ વિભાગ
મહાનગરપાલિકા, ભાવનગર